જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૧/૧૨/૨૦૨૪    શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૧૮૬૬/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૧૪૪ લીટર દેશી દારૂ, ૬૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૦૨ બિયર ટીન, ૧ લકઝરી બસ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતું. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૦૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૧૮૬૭/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### છેતરપીંડીઃ-    સમાચાર યાદી નં.૧૮૬૮/૨૦૨૪

શાહીબાગઃ શાહીબાગ અસારવા સિવિલ હોસ્પિટલ પી.જી.હોસ્ટેલ કેમ્પસ ફેઝ-૧ ખાતે રહેતા અને તબીબ તરીકે સેવા આપતી યુવતી (મુળ રહે. શિવશકિત સોસાયટી વિભાગ-૨ હાદાનગર દેસાઇનગર પેટ્રોલપંપ પાસે ભાવનગર) એ તા.૨૦/૧૨/૨૦૨૪ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૧૨/૨૦૨૪ ના રોજ મોબાઈલ નંબર ૦૬૯૦૯૮૨૪૦૮૮ ના ધારકે યુવતીને વોટસએપ વિડિયો કોલ કરી પોતાની ઓળખ મુંબઇ ક્રાઇમ બ્રાન્ચ ઓફીસર પ્રવિણ તાંબે વાત કરતા હોવાની ઓળખ આપી યુવતીની પર્સનલ વિગતો પુછી યુવતીના આધારકાર્ડ ઉપર ખરીદેલ સીમકાર્ડ વાળા ઇસમે મની લોન્ડરીંગ એકટ મુજબનો ગુનો કરેલ હોવાનુ જણાવી બેંક એકાઉન્ટમાં જે રૂપિયા છે તે રૂપિયા બ્લેકમાંથી વાઇટ કરવા માટે આર.બી.આઇ જેવા લેટરપેડનો ફોટો વોટસએપ કરી તપાસ કરવા માટે જણાવી યુવતીના બેંક ખાતામાં જેટલા રૂપિયા હોય તેટલા રૂપિયા ઓનલાઈન તેઓના ખાતામાં ટ્રાન્સફર કરવા જણાવી કુલ રૂપિયા ૧,૨૪,૦૦૦/- ટ્રાન્સફર કરાવી મેળવી લઈ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એ.આંબલીયા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૮૬૯/૨૦૨૪**

**શહેરકોટડાઃ** ગ્યાનચંદ રામસ્વરૂપ ગુપ્તા (રહે. "ડી" કોલોની વિજયમીલ પાસે નરોડા રોડ) એ તા.૨૦/૧૨/૨૦૨૪ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૧૨/૨૦૨૪ રાતના ૮/૩૦ થી તા.૨૦/૧૨/૨૦૨૪ સવારના ૧૧/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૬,૨૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી.વી.ગોસાઈ ચલાવે છે.

**સોલા હાઈકોર્ટઃ** મુકેશભાઇ હરજીવનભાઇ રાઠોડ (રહે. વેસ્ટર્નપાર્ક સોસાયટી ટીઆરપી મોલ પાસે બોપલ) એ તા.૨૦/૧૨/૨૦૨૪ ના રોજ **સોલા હાઈકોર્ટ** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૧૨/૨૦૨૪ કલાક ૮/૦૦ થી તા.૨૦/૧૨/૨૦૨૪ કલાક ૧૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સોલા ન્યુ જજીસ બંગ્લા રોડ ગુજરાત હાઇકોર્ટ સામે ફોરમ સોસાયટીની પાસે નીતીબાગ સોસાયટી ખાતે રહેતા મુકેશભાઈ રાઠોડના માતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને વસ્તુઓ મળી કુલ રૂપિયા ૧૧,૦૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.બી.મિસ્ત્રી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૭૦/૨૦૨૪**

**ઘાટલોડીયાઃ** મેમનગર તળાવ પાસે ક્રિષ્ણનગર વસાહત ખાતે ભાડાના મકાનમાં રહેતા સગીર વયના યુવાન (મુળ વતન-ગામ.નધા તા.ચકનગર જી.ઇટાવા ઉત્તરપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૨૦/૧૨/૨૦૨૪ રાતના ૧૧/૩૦ વાગ્યા પહેલા મેમનગર હનુમાનજીના મંદીર પાસે આવેલ પાનના ગલ્લા ખાતે લીમડાના ઝાડની ડાળી સાથે કાપડના ટુકડા વડે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી .આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઈ.શ્રી સ્નેહાબહેન રાજેશભાઇ ચલાવે છે.

**સોલા હાઈકોર્ટઃ** ભાવનાબહેન વા/ઓ રાજેન્દ્ર પટેલ (ઉ.વ.૫૮) (રહે. બ્લોક "સી" રૂદ્રમ સ્કાય વ્યુ ફ્લેટ સિલ્વર ઓક કોલેજ સામે ગોતા) એ અગમ્ય કારણસર તા.૨૦/૧૨/૨૦૨૪ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે તેરમાં માળ ખાતે પોતાના રહેણાંકની બારીમાંથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.પી.ડીંડોર ચલાવે છે.

**ઓઢવઃ** રાજુભાઈ કમાભાઈ પરમાર (ઉ.વ.૨૩) (રહે. છગનહેમાની ચાલી ભવાનીનગર પાસે ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૯/૧૨/૨૦૨૪ રાતના ૮/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી